www.samanway.in
+91 99792 88855
@samanwaypratishthan
@samanwaypratishthan
@samanwaytrust
samanwaypratishthan@gmail.com

404, Rajanigandha Appartments Tower A, Behind Hyundai Showroom, Diwalipura, Court Road, Vadodara.

# समन्वय प्रतिष्ठान



सम्यक् विचार | सम्यक् प्रयोग | सम्यक् प्रयास



# સમન્વય પ્રતિષ્ઠાન

સમ્યક વિચાર - સમ્યક પ્રયોગ - સમ્યક પ્રયાસ

**समानी व आकूतिः समाना हृदयानि वः। समानमस्तु वो मनो यथा वः सुसहासति॥**

**(ऋगवेद १०.१९१.४)**

(આપણો ઉદ્દેશ્ય એક હોય, આપણી ભાવના સુસંગત હોય, આપણા વિચાર એકત્રીત હોય, જે રીતે આ વિશ્વના, બ્રહ્માંડના વિભિન્ન આયામોમાં તારતમ્યતા અને એકતા હોય છે.)

- ઋગવેદ 10.191.4

“સમન્વય પ્રતિષ્ઠાન” યોગ્ય વિચાર, યોગ્ય આચાર અને યોગ્ય પ્રયત્ન દ્વારા સમગ્ર સમાજને પ્રગતિના ઉચ્ચ શીખરે લઇ જવા પ્રતિબદ્ધ છે.

“સમન્વય પ્રતિષ્ઠાન” નિષ્ઠાવંત અને પવિત્ર હેતુથી જાતિ, ધર્મ, ભાષા અથવા વિસ્તારના કોઈ ભેદભાવ વિના સમસ્ત માનવજાતના કલ્યાણ પ્રત્યે કટીબદ્ધ છે.

વડોદરા સ્થિત આ સંસ્થા ચેરીટી કમિશ્નરશ્રીની કચેરીમાં એફ/2684/વડોદરા ક્રમાંકથી રજીસ્ટર્ડ છે તથા 80G અને 12Aનું પ્રમાણપત્ર પ્રાપ્ત છે. “સમન્વય પ્રતિષ્ઠાન” એ ભારતમાં સેવાકીય કાર્યો કરવા માટે કટિબધ્ધ છે. ભવિષ્યમાં વિદેશોમાં પણ કાર્યનો પ્રસાર કરવાની ખેવના ધરાવે છે.

“સમન્વય પ્રતિષ્ઠાન” નું પોતાનું ટ્રસ્ટીઓ તેમજ સ્વયંસેવકો દ્વારા સંચાલિત વ્યવસ્થાપક મંડળ છે અને તેના કાર્ય માટે તેઓ પૂર્ણ સમય માટે સવેતન અથવા અલ્પ સમય માટે સ્વૈચ્છિક સેવા આપે છે. ભવિષ્યમાં સંપૂર્ણ સમય માટે સંશોધન કરનાર સંશોધકો અને વિષય નિષ્ણાતોને જોડવાનું પણ આયોજન છે.

“સમન્વય પ્રતિષ્ઠાન” ના માધ્યમથી સમર્પિત કાર્યકરો દ્વારા પ્રારંભિક ધોરણે વિવિધ પ્રકારના અગિયાર પ્રકલ્પોનો અમલ કરવાનું આયોજન કરેલ છે. આ પ્રકલ્પો થકી સમાજમાં માનવજાત માટે નિસ્વાર્થભાવ, સેવા, કરુણા અને ઉદારતા ઉજાગર કરવાનો વિનમ્ર પ્રયાસ છે.

## સંવાદ

**वाण्येका समलंकरोति पुरुषंया संस्कृता धार्यते**
**क्षीयते खलु भूषणानिसततं वाग्भूषणं भूषणम् ।।**

(મનુષ્યની શોભા તો સુસંસ્કૃત વાણીથી જ હોય છે. આભૂષણોની ચમક તો મંદ પડી જતી હોય છે, પરંતુ સંતુલીત વાણીની ગરિમા સતત રહેતી જ હોય છે.)

“સંવાદ” દ્વારા દેશ-વિદેશના અનેકવિધ વિષયો પર વક્તવ્ય, કાર્યશાળા, ચર્ચાસભા અને પ્રદર્શનનું આયોજન થશે. આ પ્રયોગના માધ્યમથી સમાન માનસિકતા ધરાવનાર, દેશ-વિદેશ સ્થિત વ્યક્તિઓ વચ્ચે વિચાર વિનિમય અને અર્થપૂર્ણ “સંવાદ” થઈ શકશે.

## સૃષ્ટિ

**सर्वेषां यः सुहद् नित्यं सर्वेषां हिते रताः। महा. शा. 25.9.17**
**श्रान्त स्वाहा रोग परिचर्या सुरार्चनम्।**
**रोगास्तेषु यद्दाति तत्स्याद् बहु मतं धनम्।।**

(રોગી અને અલગ ક્ષમતા ધરાવનારની સહાય કરવામાં જે ધન આપવામાં આવે છે. તેનું ઉત્તમ ફળ પ્રાપ્ત થાય છે.)

ચક્ષુ વડે જોઈએ અને દેહ વડે અનુભવીએ એ 'સૃષ્ટિ', જેમના જીવનમાં કાળા રંગ સીવાય કોઈ રંગ નથી, એમના જીવનમાં રંગ પુરવા મૃત્યુ બાદ ચક્ષુદાનનો સંકલ્પ કરીએ, આપણા અંગ કોઈને નવજીવન આપી શકે એ માટે મૃત્યુ બાદ અંગદાનનો સંકલ્પ કરીએ, એજ રીતે તબીબી વિજ્ઞાનના અભ્યાસ અને સંશોધન અર્થે જરૂરી દિવંગત માનવ દેહની અછત નીવારવા મૃત્યુ બાદ દેહદાનનો સંકલ્પ કરીએ.

'સૃષ્ટિ' દ્વારા નિયમિત રક્તદાનની શિબિરોનું આયોજન અને નેત્રદાન, અંગદાન તથા દેહદાનને એક અભિયાનનું સ્વરૂપ આપી સમાજમાં પરમાર્થની ભાવના વધુ સુદૃઢ કરવાનો આ વિનમ્ર પ્રયાસ છે.

## સંવેદના

**स्वजनं तर्पयित्वा यः शेषभोजी सोऽमृत्भोजि (चाणक्य)**

(પ્રજાજનો તથા સ્વજનોને સંતુષ્ટ કરવાથી અમૃતના સ્વાદનો અનુભવ થાય છે.
- ચાણક્ય)

'સંવેદના' થકી સરકારી હોસ્પિટલમાં દાખલ થયેલ દર્દીઓ અને તેમના સગાસંબંધીઓને યોગ્ય માર્ગદર્શન પુરુ પાડવામાં આવશે. હોસ્પિટલ તંત્ર સાથે યોગ્ય સંકલન દ્વારા નિઃસહાય દર્દીઓના વિવિધ પ્રશ્નોના ઉકેલની દિશામાં પણ પ્રયાસ કરવામાં આવશે. આ પ્રયોગનો શુભારંભ વડોદરા સ્થિત સર સયાજીરાવ જનરલ હોસ્પિટલથી કરવામાં આવશે.



## સંસ્કૃતિ

अयंनिजःपरोवेतिगणनालघुचेतसाम् |
उदारचरितानांतुवसुधैवकुटुम्बकम् ||
**(पञ्चतन्त्रम्, पंचमतंत्र, “अपरीक्षितकारकम्)**

'આ મારુ, આ પારકુ' આવી માનસિકતા સંકુચીત લોકોની હોય છે, આનાથી વિપરીત ઉદાર ચરિત્રવાળા વ્યક્તિઓ માટે તો આ સંપૂર્ણ બ્રહ્માંડ એક પરીવાર જ હોય છે.

જેમના ભગવાન જ નટવર નાગર અને નટરાજ હોય તેમની 'સંસ્કૃતિ' નૃત્ય, સંગીત અને નાટ્ય વિનાની હોય ખરી?
'સંસ્કૃતિ' દ્વારા દેશભરની વિવિધ લોકકલાને ઉજાગર કરતા સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન થશે અને આ પ્રયોગ દ્વારા 'વિવિધતામાં એકતા' નો ભાવ વધુ મજબુત થાય તે દિશામાં પ્રયાસ થશે.

## સ્વીકાર

**वदनं प्रसादसदनं सदयं हृदयं सुधामुचो वाचः।**
**करणं परोपकरणं येषां केषां न ते वन्द्याः।।**

સદૈવ પ્રસન્ન-ચિત્ત હોય, હૃદયમાં દયાની ભાવના હોય, અમૃત સમાન મીઠી વાણી બોલતા હોય તથા પરોપકારમાં લિપ્ત હોય તેવા વ્યક્તિ કોના માટે વંદનીય ન હોય?

'સ્વીકાર' એ અર્પણ કરનાર તથા સ્વીકાર કરનાર વચ્ચે સેતુ બની રહેશે. આપણા દૈનિક જીવનમાં જે કોઈ વસ્તુઓ હવે બીનઉપયોગી થવા લાગી હોય તે સમાજને અર્પણ કરવા તથા તેને યોગ્ય સ્થિતિમાં લાવી જરૂરીયાતમંદ સુધી પંહોચાડવામાં આ પ્રયોગ નિમિત્ત બનશે.

## સ્પર્શ

**विध्याभ्यासे गृहकृत्ये तावु भौ योजयेत क्रमात (शुक्र 3/99)**

વિધાભ્યાસ તથા અન્ય કાર્યોમાં યોગ્ય માર્ગદર્શન આપવું એ સૌથી મોટુ પૃણ્ય છે.
(શુક્ર 3/99)

'સ્પર્શ' દ્વારા સમાજના સૌથી વંચિત ભાગના બાળકોને શિક્ષણ આપવાની જવાબદારી સ્વીકારી તેમને આત્મનિર્ભર બનાવવાની દિશામાં પ્રયાસ કરવામાં આવશે. નબળી આર્થિક સ્થિતિ ધરાવતા પરીવારો, અનાથ બાળકો અને શ્રમજીવી પરીવારોના સંતાનોના સંપૂર્ણ શિક્ષણ માટેનું વ્યવસ્થાતંત્ર ઉભુ કરવાના લક્ષ્ય સાથે આ પ્રકલ્પ કાર્ય કરવા માંગે છે.

## શબ્દ

**सत्यं वद।धर्मं चर।स्वाध्यायान्मा प्रमदः। तैत्तिरीय उपनिषद् 1.11.1**

સત્ય બોલો, ધર્મ સંમત કર્મ કરો, સ્વાધ્યાય પ્રત્યે પ્રમાદ ન કરો.
તૈત્તિરીય ઉપનિષદ 1 .11 .1

એક શબ્દમાં સદીઓનું જ્ઞાન સમાયેલુ હોય છે.ભારતીય ઇતિહાસ, તત્વજ્ઞાન, વિવિધ વિચારધારાઓ, નેતૃત્વ તથા શાસન-પ્રશાસનને લગતા દુર્લભ અને ઉપયોગી ગ્રંથોને સુલભ બનાવતું એક સંદર્ભ પુસ્તકાલય 'શબ્દ' હેઠળ આકાર પામશે.

## શ્રદ્ધા

**मय्यावेश्य मनो ये मां नित्ययुक्ता उपासते |**

**श्रद्धया परयोपेतास्ते मे युक्ततमा मताः || भगवदगीता 12.2**

જે મારામાં પોતાના મનને સ્થિર કરે છે તથા હરહંમેશ દૃઢતાપૂર્વક પૂર્ણ શ્રદ્ધા સાથે મારી ભક્તિમાં તલ્લીન રહે છે, હું એમને સર્વશ્રેષ્ઠ યોગી માનું છું.

ભગવદ્ ગીતા 12.2

"પશ્ચિમનું ચાલક બળ એ ભૌતિકવાદ છે, પરંતુ ભારતનો આત્મા એ ધર્મ છે" –

સ્વામી વિવેકાનંદ.

'શ્રદ્ધા' દ્વારા ધર્મચેતનાના માધ્યમથી વિવિધ ધાર્મિક તહેવારોની ઉજવણી દ્વારા સમાજમાં નવચેતના પ્રસરાવવાનો પ્રયાસ થશે અને સમાજમાં સંસ્કૃતિ અને રીતીરીવાજો પ્રત્યે 'શ્રદ્ધા' ઉજાગર કરવાના પ્રયોગ થકી ઉત્સવપ્રીય પ્રજાની અસ્મિતા જાળવવાની દિશામાં કાર્ય થશે.

## સેતુ

**उत्तिष्ठत जाग्रत प्राप्यवरान्नि बोधत।**

**क्षुरस्य धारा निशिता दुरत्यया दुर्गं प थस्तत्कवयो वदन्ति।।**

(ઉઠો, જાગો અને જ્ઞાની મનુષ્યોના સાનીધ્યમાં જ્ઞાન પ્રાપ્ત કરો. વિદ્વાન મનુષ્યો જણાવે છે કે જ્ઞાન પ્રાપ્તિનો માર્ગ એ જ પ્રકારે દુર્ગમ છે જે પ્રકારે તલવારની ધાર પર ચાલવું)

1.3.14. કઠોપનિષદ્

યુવાઓને તેમના જીવનનો હેતુ સિદ્ધ કરવા માટે 'સેતુ' સહાયરૂપ થશે. યુવાઓને યોગ્ય કારકિર્દી માર્ગદર્શન તથા જરૂરી તાલીમ માટેના વ્યવસ્થા તંત્ર દ્વારા રોજગાર મેળવવાની દિશામાં આ પ્રકલ્પ દ્વારા 'સેતુ' રૂપ ભૂમિકા ભજવવાનો પ્રયાસ કરવામાં આવશે.

## સમર્પણ

**यत्करोषि यदश्नासि यज्जुहोषि ददासियत्।**

**यत्तपस्यसि कौन्तेय तत्कुरुष्व मदर्पणम्।**

હે કુંતિ પુત્ર, તમે જે પણ કરો છો, પવીત્ર યજ્ઞમાં જે આહુતિ અર્પણ કરો છો, જે પણ દાન કરો છો, જે પણ તપસ્યા કરો છો, તે તમામ મને અર્પણ કરવાના ભાવથી કરો.

- ભગવદ્ ગીતા 9.27

વર્તમાન યુગમાં પરીવાર નાના થતા જાય છે, સંયુક્ત પરીવાર લગ્નની ફોટો ફ્રેમમાં સીમીત રહી ગયા છે, આ સમયે એકાકી – એકલવાયુ જીવન જીવતા વડીલોની ચિંતા કરવી એ સમાજની જવાબદારી બનતી જાય છે, 'સમર્પણ' દ્વારા આ પ્રકારનું જીવન જીવતા વડીલોની કાળજી કરવાનો એક નાનો પ્રયાસ થશે.

## સંસ્કાર

**सत्यंब्रूयात्प्रियंब्रूयात्, नब्रूयात्सत्यम्अप्रियम्।**

**प्रियंचनानृतम्ब्रूयात् ,एषधर्मःसनातनः ॥**

સત્ય બોલવું, પ્રિય બોલવું, અપ્રિય લાગી શકે એવું સત્ય ન બોલવું,

એજ રીતે પ્રિય લાગે તેવું અસત્ય પણ ન જ બોલવું જોઇએ.

'સંસ્કાર' દ્વારા વિવિધ પ્રકારના લોકજાગૃતિ માટેના અભિયાનોના માધ્યમથી સમાજ જીવનમાં નવચેતના જગાડવાનો પ્રયાસ થશે. ગાઢ નિંદ્રામાં પોઢેલો સમાજ આ પ્રકારના લોકજાગૃતિ અભિયાનો દ્વારા જાગૃત થાય તથા આત્મનિર્ભર બને એવો શુભાશય આ પ્રકલ્પનો રહેશે.





## "અંત્યોદય"

**UPLIFT OF THE LAST, UPLIFT TILL THE LAST**

पथ का अंतीम लक्ष्य नहीं, सिंहासन चढते जाना |
सब समाज को लीए साथ में आगे हे बढते जाना ||

કોઇ પણ સભ્ય સમાજની નિશાની એ છે કે તે સમાજના છેવાડાના માનવીના વિકાસ અને ઉત્થાન માટે તે પ્રતિબદ્ધ અને કાર્યશીલ હોય. અંતનો ઉદય (અંત્યોદય) એ લક્ષ્ય હોય.

પ્રવર્તમાન પરિસ્થિતિમાં નાગરિકના જન્મથી મરણ સુધીની યોજનાઓ સરકાર દ્વારા અમલમાં મુકાયેલી છે. જેનો ઉદ્દેશ્ય સમાજના છેવાડાના માનવી સુધી પહોંચી સર્વવ્યાપી અને સર્વસ્પર્શી વિકાસ કરવાનો હોય છે.

પરંતુ હાલની ઇન્ફોર્મેશન ટેકનોલોજીના સમયમાં માહિતીનો અતિરેક થતો હોઇ, સાચી અને સચોટ માહિતી મેળવવી એ સામાન્ય નાગરિક માટે એક ભગીરથ કાર્ય છે. તો આ સમસ્યાના સમાધાન માટેનો વિચાર/ માધ્યમ એ અંત્યોદય પ્રકલ્પ છે.

એક વર્ચ્યુઅલ પ્લેટફોર્મ (કાર્યાલય) ના માધ્યમથી કોઇપણ નાગરિકને પોતાના જીવનકાળ દરમિયાન જરૂરી તમામ દસ્તાવેજોની માહિતી અને તે મેળવવા માટેનું સચોટ માર્ગદર્શન આપવું તે આ પ્રકલ્પ નો પ્રથમ ઉદ્દેશ્ય છે.

આ વર્ચ્યુઅલ કાર્યાલય ના માધ્યમથી સરકારશ્રીની તથા વિવિધ એન.જી.ઓ., સંસ્થાઓ અને સંગઠનો દ્વારા આપવામાં આવતી વિવિધ યોજનાઓની માહિતી, તેનો લાભ લેવાની પાત્રતા, તેના માટે જરૂરી દસ્તાવેજો, તેના માટેની વિધિ, આવી તમામ પ્રકારની માહિતી એક જ ક્લીકથી ઉપલબ્ધ બનશે.

આ સિવાય સામાન્ય પ્રજાજનોને પડતી નાની-મોટી સમસ્યાઓ ના સમાધાન માટે પણ વર્ચ્યુઅલ માર્ગદર્શન પુરૂ પાડવામાં આવશે. 4G/5G ટેકનોલોજીના આ યુગમાં જ્યારે ઇન્ટરનેટ લગભગ દેશના તમામ ભૂભાગ સુધી પહોંચી ગયું છે ત્યારે હવે એક છેવાડાના નાગરિકને આ પ્રકારની યોજનાઓનો લાભ મેળવવા માટે કોઇ પણ કચેરીના ધક્કા વારંવાર ન ખાવા પડે અને તેનું કામ માત્ર એક વર્ચ્યુઅલ કાર્યાલયની વર્ચ્યુઅલ વિઝિટ કરવાથી પૂરું થઇ જાય તેવા શુભ આશયથી ટેકનોલોજીનો સદુપયોગ અને અંતના ઉદય (અંત્યોદય ની દિશાનો) માટેનો એક નમ્ર પ્રયાસ આ પ્રકલ્પ દ્વારા કરવામાં આવનાર છે, જેના દ્વારા વ્યક્તિ પોતાની સમસ્યાઓના સમાધાન માટે આત્મનિર્ભર થાય તથા પોતે જ પોતાના પ્રશ્નોનું નિરાકરણ મેળવે એ દિશામાં નાગરીકોને સ્વાવલંબી બનાવવાની 'અંત્યોદય' એક અભિયાન બની રહેશે.



## ગુજરાત થીંકર્સ ફેડરેશન

सहसा विदधीत न क्रियतामविवेकः परमापदां पदम् ।
वृणते हि विमृश्यकारिणं गुणलुब्धाः स्वयमेव सम्पदः
- किरातार्जुनीयम्

કોઇ પણ કામ અચાનક ન કરવા લાગવું જોઇએ, વગર વિચાર્યે કરેલું કામ સમસ્યાનું કારણ બને છે. સંપત્તિ સદ્‌ગુણોથી મોહિત થાય છે અને વિચારપૂર્વક કામ કરનારને વરે છે.
- કિરાતર્જુનિયમ

ગુજરાત થીંકર્સ ફેડરેશન (GTF) એક એવી પહેલ બને કે જેના માધ્યમથી સમગ્ર ગુજરાતભરના યુવા સાહસી વિચારકો ને એક મંચ પર લાવીને ગુજરાત તેમજ દેશના ઉજ્જવળ ભવિષ્ય ને લઇને ચિંતન- મનન- મંથન થકી એક વૈચારિક મંચનું નિર્માણ કરી શકાય. સાંપ્રત સમયની સમસ્યાઓના વ્યવહારુ સમાધાન શોધવાની દિશાનો આ એક પ્રામાણિક પ્રયાસ કરતું માધ્યમ બને. માહિતી (Information) ના આ યુગમાં જ્યારે સોશીયલ મીડિયાના અતિરેક થકી અર્ધસત્ય અને ભ્રમણા નું પરિદ્રશ્ય ઊભું કરવામાં આવે છે ત્યારે GTF 'મુંઝવણ થી સ્પષ્ટતા' (confusion to clarity) ની દિશામાં સમાજને લઇ જવાનું માધ્યમ બને. 2016 થી અત્યારસુધી GTF ના માધ્યમથી કુલ 4 થિંકર્સ મીટ નું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ગુજરાતભરમાંથી યુવાનોએ ભાગ લઇને સાંપ્રત સમયની સમસ્યાઓ ને લઇને સંવાદ થકી સમાધાન શોધવાનો પ્રયાસ કર્યો છે.

આ પહેલ દ્વારા દર વર્ષે 2 દિવસીય રાજ્ય કક્ષાનાં સંમેલનનું આયોજન થાય, ત્યારબાદ સમગ્ર ગુજરાતમાં ઝોન કક્ષાએ (દક્ષિણ, મધ્ય, ઉત્તર, સૌરાષ્ટ્ર અને કચ્છ) દોઢ દિવસીય ઝોનલ સંમેલનનું આયોજન થાય અને અંતે દરેક જિલ્લામાં જિલ્લા સ્તરની એક દિવસીય સંમેલનનું આયોજન થાય. GTF ના માધ્યમથી સાંપ્રત વિષયોને લઇને જાહેર વ્યાખ્યાન તેમજ પ્રવચન માળાઓનું આયોજન થાય. વિશેષ કરીને યુવાધન ને વૈચારિક રીતે મજબૂત કરવા તેમજ રાષ્ટ્રીય/આંતરરાષ્ટ્રીય વિષયો અને સાંપ્રત પ્રવાહોની સમજણ કેળવી સમસ્યાઓ ના સમાધાન માટે કાર્ય કરી શકે તેવા વિચારકો (thinkers) શોધવા/તૈયાર કરવાની દિશામાં ઉપયોગી થાય તેવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. આ સિવાય રાષ્ટ્ર ની સર્વોન્નતી માટેના ચોક્કસ લક્ષ્ય ઉપર કાર્ય કરતી થીન્ક ટેંક તૈયાર કરવાની દિશામાં GTF દ્વારા વિશેષ આયોજનબદ્ધ પ્રયાસો કરવામાં આવશે

YUGAANTAR SOCIO-POLITICAL MOVEMENT (YSPM)

॥ कारण नहीं, निराकरण ॥

हो गई है पीर पर्वत-सी पिघलनी चाहिए,
इस हिमालय से कोई गंगा निकलनी चाहिए।
मेरे सीने में नहीं तो तेरे सीने में सही,
हो कहीं भी आग, लेकिन आग जलनी चाहिए॥

ભારત વિશ્વનો સૌથી યુવા દેશ છે.
દેશનો યુવા સામાજિક અને રાજકીય ક્ષેત્રે
પોતાના પ્રામાણિક યોગદાન થકી
દેશ-સમાજ ને વધુ શક્તિશાળી
બનાવી શકવાની ક્ષમતા ધરાવે છે.

દેશની ઘણી સમસ્યાઓનું નિરાકરણ સામાજિક નેતૃત્વ -social leadership થકી આવી શકે તેમ છે અને સામાજિક નેતૃત્વ-social leadership એ આજના સમયની જરૂરિયાત બનતી જાય છે. એ જ રીતે રાજનૈતિક નેતૃત્વ-political leadership પણ દેશની અનેક રાજકીય અને સામાજિક સમસ્યાઓનું સચોટ સમાધાન લાવી શકવાની ક્ષમતા ધરાવે છે. કૌશલ્ય અને દીર્ઘદ્રષ્ટિ ધરાવતુ યુવા નેતૃત્વ એ સમાજ અને દેશની પ્રગતિ માટે અનિવાર્ય છે.

પ્ર્વર્તમાન સમયમાં ઘણાબધા કિસ્સાઓમાં સમાજસેવા એક દેખાડો અથવા ફેશન પૂરતી સીમિત રહી ગઈ છે અને રાજકીય ક્ષેત્ર અથવા રાજકારણ એ ગંદકી નો અખાડો છે તેવી ધારણા ના કારણે દેશનું યુવાધન સમાજસેવા-રાજકારણ થી અંતર રાખવાનું યોગ્ય સમજે છે. Yugaantar Socio-Political Movement (YSPM) ના માધ્યમ થકી સકારાત્મક અને રચનાત્મક પ્રવૃત્તિઓમાં યુવાનોને પ્રવૃત્ત રાખીને સમાજનિર્માણ અને રાષ્ટ્રનિર્માણ નાં ભગીરથ કાર્ય ની દિશામાં અવિરત અભિયાન ચાલતું રહે એવો શુભાષય છે.



॥ कारण नहीं, निराकरण ॥

"YUGAANTAR FELLOWSHIP" - A MOVEMENT TOWARDS SELFLESSNESS

**स्वस्ति पन्थामनुचरेम**
(ऋगवेद – ५/५१/१५)

કલ્યાણકારી માર્ગનું અનુસરણ કરતા પ્રયાસરત રહીએ. (ઋગવેદ – 5/51/15)

સમાજમાં ઊંચ-નીચ, નાના-મોટા, અમીર-ગરીબ ના નામે વધતી જતી ખાઈ સ્વસ્થ સમાજ ના સુદ્રઢ ભવિષ્ય માટે અત્યંત જોખમકારક છે. આ ઊભા થઈ રહેલા અને દિન-પ્રતિદિન વધી રહેલા સામાજિક અંતર ને ઘટાડવાની દિશામાં Yugaantar Socio-Political Movement (YSPM) ના માધ્યમ થકી સકારાત્મક અને રચનાત્મક પ્રવૃત્તિઓમાં યુવાનોને પ્રવૃત્ત રાખીને સમાજનિર્માણ અને રાષ્ટ્રનિર્માણ નાં ભગીરથ કાર્ય ની દિશામાં થનાર અવિરત અભિયાન નું પ્રથમ ચરણ એટલે; "YUGAANTAR FELLOWSHIP" - A movement towards SELFLESSNESS. આ પ્રયોગના માધ્યમથી શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં યુવાનો વર્ષના 365 કલાક અર્પણ કરીને અંત્યોદય તથા ગ્રામોદય માટેના પ્રયાસ કરશે.

ડૉ. કલામ અર્બન ફેલોશીપના માધ્યમથી 100 યુવાઓ 50 ટીમ બનાવીને શહેરી વિસ્તારની સેવા વસ્તી – ઝુપડપટ્ટીને દત્તક લેશે તથા દિવસનો એક કલાક તેમના સર્વાંગી વિકાસની દિશામાં અર્પણ કરશે. એજ રીતે સ્વામી વિવેકાનંદ રુરલ ફેલોશીપના માધ્યમથી 100 યુવાઓ 50 ટીમ બનાવીને તેમના જીલ્લાના પચાસ અવિકસીત ગામ દત્તક લેશે તથા દર રવીવારે સાત કલાક એ ગામના સર્વાંગી વિકાસની દિશામાં અર્પણ કરશે.

## સમન્વય વિદ્યાપીઠ

अनेकसंशयोच्छेदि परोक्षार्थस्य दर्शकम्।
सर्वस्य लोचनं शास्त्रं यस्य नास्त्यन्ध एव सः।।

અનેક સંશયોનું અંત કરવાવાળો, ભુતકાળ અને ભવિષ્યકાળ તથા અપ્રત્યક્ષ અને પ્રત્યક્ષને સમાનરૂપે દર્શાવી શકવાની ક્ષમતા વાળા શાસ્ત્રરૂપી દિવ્યચક્ષુ જેમની પાસે નથી, એ વાસ્તાવમાં અંધ છે.

નવી શિક્ષણ નીતિ હજુ ચર્ચાત્મક સ્તરે છે. કોવિડ કાળ દરમ્યાન ઓનલાઇન-ઓફલાઈન જેવા અનેક પ્રયોગો શિક્ષણ પદ્ધતિ સાથે થયા. પરંતુ શું વિદ્યાર્થી ભણી શકવા માટે  સજ્જ અને સક્ષમ છે ખરા? ભણવું એટલે શું ? શું ભણવું ? શા માટે ભણવું ? અને કેવી રીતે ભણવું ? એવા અનેક સવાલો હજુ યોગ્ય જવાબ શોધે છે..

વર્તમાન પરિસ્થિતિ માં વિધાર્થીની ભણવાની ક્ષમતા (learning ability) વધારવી એ આપણી સૌથી મહત્વની જવાબદારી બનતી જાય છે. વૈદિક ગણિત, શતાવધાની જેવી અનેક શાસ્ત્રોક્ત પધ્ધતિઓ વિધાર્થીઓનું શિક્ષણ સહજ અને સરળ બનાવે છે, તો બીજી બાજુ મેકોલે એ નષ્ટ કરેલી ગુરુ શિષ્ય પરંપરા હવે 'મેન્ટરશીપ' ના નામે પરત ફરી રહી છે..

આવા સમય માં "સમન્વય વિદ્યાપીઠ" ના માધ્યમથી ગુરુકુળ પરંપરા જેવા પૌરાણિક પ્રયોગો ને પ્રાસંગિક સ્વરૂપ પ્રદાન કરી પારંપરિક ભારતીય શિક્ષણ પદ્ધતિ અને આધુનિક વિષયો ના સમન્વય કરવાનો શુભાષય આ પ્રકલ્પ ધરાવે છે.



## સમન્વય શોધ સંસ્થાન

विज्ञानेनात्मानं सम्पादयेत
-चाणक्य

વિશિષ્ય જ્ઞાન દ્વારા સ્વયંનો ઉદ્ધાર કરીએ. - ચાણક્ય

વિશ્વ આજે જ્યારે વિજ્ઞાન અને ટેકનોલોજી ના માધ્યમ થકી પ્રગતિ કરી રહ્યું છે અને નવી નવી શોધો અને ટેકનોલોજી આભાસી રીતે સરળ બનાવી રહ્યું છે, ત્યારે આ ટેકનોલોજી ખરેખર ટકાઉ છે કે કેમ,  પર્યાવરણ માટે સુસંગત છે કે નહીં, તે એક યક્ષ પ્રશ્ન છે.

સમન્વય શોધ સંસ્થાન એક એવા સંશોધનને પ્રાધાન્ય આપવાનુ માધ્યમ છે કે જેના થકી ટેકનોલોજી અને પર્યાવરણ નો સમન્વય થાય.

હ◌ાલના સમયમાં જ્યારે રીસર્ચ મોટેભાગે API (academic progress index), એટલે કે શૈક્ષણિક વિકાસની નિશાની બનવા પૂરતું સીમિત રહી ગયું છે. આને કારણે એવા અનેક વિષયો અને ક્ષેત્રો છે જ્યાં ખરેખર રીસર્ચ માટે ખૂબ સંભાવનાઓ હોવા છતાં પણ API મા કોઈ ફાયદો ન થતો હોવાથી આ વિષયો વણસ્પર્શ્યા રહે છે. સમન્વય શોધ સંસ્થાન થકી આવા વણસ્પર્શ્યા વિષયો પર સંશોધનને ઉત્તેજન આપવાનો હેતુ છે.

ઉદાહરણ તરીકે: વર્ષો પહેલાં જ્યારે કોઇ પ્રકારની એડવાન્સ ટેકનોલોજી ન હતી ત્યારે પણ બનાવવામાં આવેલા શિલ્પો, વિશાળ મહેલોના બાંધકામ હજ્જારો વર્ષો સુધી અડીખમ રહ્યા છે, જ્યારે આજની અત્યાધુનિક ટેકનોલોજી અને સંસાધનોથી બનેલા બિલ્ડીંગની આવરદા અમુક વર્ષો સુધીની હોય છે,  તો તે સમયે એવી કઇ પદ્ધતિ હશે કે જેના દ્વારા બનેલા બિલ્ડીંગ આટલા લાંબા સમય સુધી ટકી રહ્યા,  તેના પર જો સંશોધન થાય તો ઘણું ઉપયોગી નીવડે તેમ છે.

## અન્નપૂર્ણા મંદિર

“જો તમે સો લોકોને ખવડાવી શકતા નથી, તો ફક્ત એક જ ને ખવડાવો." - મધર ટેરેસા સાચું જ કહેવાય છે કે ભૂખ્યાને ભોજન આપવું એ મૃતકોને ઉછેરવા કરતાં મોટું કામ છે. જેનો અભાવ હોય તેમને પોષણ પૂરું પાડવા સક્ષમ બનવું એ મનુષ્ય તરીકે પ્રાપ્ત કરી શકાય તેવો સૌથી મોટો આશીર્વાદ છે. જો તમે સક્ષમ છો અને જો તમે કરો છો, તો તમે તમારા જીવનનું લક્ષ્ય પ્રાપ્ત કર્યું છે. ભૂખ્યાઓને ખોરાક પૂરો પાડવો એ એક એવો ધ્યેય છે જે સામનવે નમ્રતાપૂર્વક પૂર્ણ કરવાની ઈચ્છા ધરાવે છે. અન્નપૂર્ણા મંદિર એ માતા અન્નપૂર્ણાને શ્રદ્ધાંજલિ છે - દેવી જે આપણું મોં ભરે છે અને આપણું જીવન ટકાવી રાખે છે. અન્નપૂર્ણા એ ખોરાક અને રસોડાની દેવી છે, જેમાં "અન્ન" નો અર્થ ખોરાક અને "પૂર્ણા" નો અર્થ થાય છે "સંપૂર્ણપણે ભરેલું." જેમ નામ સૂચવે છે તેમ, અન્નપૂર્ણા મંદિર અથવા "ભોજનનું મંદિર" વૃદ્ધો, અપંગો અને જરૂરિયાતમંદોને ભોજન પૂરું પાડશે. તે વિવિધ ક્રિયાઓ અને પહેલો દ્વારા ભૂખ સંતોષવા માંગે છે, જેમાંથી એક વૃદ્ધ લોકો માટે ટિફિન સેવા છે. એવું માનવામાં આવે છે કે જ્યારે ભોજન પવિત્રતાની ભાવના સાથે રાંધવામાં આવે છે, ત્યારે તે પવિત્ર બને છે કારણ કે દેવી અન્નપૂર્ણા તેને આશીર્વાદ આપે છે. આ પહેલ એ અત્યંત જરૂરિયાતવાળા લોકોને પુરૂષત્વના સૌથી મોટા આશીર્વાદ - ખોરાક - પહોંચાડવાનો અમારો નમ્ર પ્રયાસ હશે.



## સમન્વય પરિવાર

માનવીય સંબંધ એ સૌથી મોટી સ્વર્ગીય ઘટના છે, એક દૈવી ભેટ છે. કુટુંબ હોવું એ છે કંઈક જે આપણે ઈચ્છીએ છીએ. કુટુંબ એ સામાજિક સંસ્થા છે જે લોકોને એકબીજા સાથે જોડે છે. પરિવારો સામાજિક વિકાસમાં મહત્વની ભૂમિકા છે કારણ કે તે મૂળભૂત અને મહત્વપૂર્ણ છે સમાજના બિલ્ડીંગ બ્લોક્સ. તેઓ મુખ્યત્વે બાળકોના શિક્ષણ માટે જવાબદાર છે અને સમાજીકરણ, તેમજ સમાજમાં નાગરિકતા અને સંબંધના સિદ્ધાંતો શીખવે છે.આમ, સમન્વય પરિવાર એ ઘટકોને એકસાથે લાવવાનો સાધારણ પ્રયાસ છે સામાજીક વિકાસ અને તેમની વચ્ચે સંબંધને વાસ્તવિક બનાવવા માટે એક સંયોજક સમુદાય બેઘર વ્યક્તિઓ. જે નાગરિકો તેમના પરિવાર દ્વારા ત્યજી દેવામાં આવ્યા છે અથવા જેઓ બની ગયા છે આશ્રય સહ પરિવાર સાથે સંપૂર્ણપણે અલગ આપવામાં આવશે. સમન્વય પરિવારનો ઉદ્દેશ્ય છે બધા વૃદ્ધ માતાપિતા કે જેઓથી દૂર છે તેમના માટે આવી ટાઉનશીપ, ગામો અથવા ઘરોની સ્થાપના કરો. ઘર, વિધવાઓ અથવા મહિલાઓ કે જેઓ પરિવારથી વિખૂટા પડી ગયા છે, માનસિક વિકલાંગ છે અને શારીરિક રીતે ક્ષતિગ્રસ્ત વ્યક્તિઓ અને અસ્પષ્ટ બાળકો. ઘરના આ પ્રાપ્તકર્તાઓને આત્મનિર્ભર બનાવવામાં આવશે અને કામની નાની તકો દ્વારા ટકાવી રાખવામાં આવે છે જે સમન્વય  તેમને પ્રદાન કરવા માંગે છે.

સમન્વય

સમૂહ લગ્ન

## સમન્વય સમુહલગ્ન

સમૂહ લગ્ન એ સૌમ્ય ક્રિયાઓમાંની એક છે જે આત્માને ઉચ્ચ સ્તરે લઈ જાય છે પ્રાપ્તિ. તે મનને સ્થિર કરે છે અને આત્માને શુદ્ધ કરે છે. ના આ નિઃસ્વાર્થ હેતુઓ સાથેમાનવજાતને પ્રબુદ્ધ કરે છે અને વધુ સારા માટે સીમાચિહ્નરૂપ બનાવે છે, સમનવે સમુહલગ્ન એ નમ્ર પહેલ છે અને સમાજને સમૃદ્ધ બનાવવાની એક ઉમદા તક છે. માસ લગ્નો માત્ર લગ્ન કરનારા યુગલોના પરિવારો માટે જ નહીં પરંતુ રાષ્ટ્ર માટે પણ ફાયદાકારક છે, તે માત્ર પ્રશંસનીય નથી, પરંતુ અન્ય તમામ માટે પ્રેરણાદાયી પણ છે. સમન્વય સમુહલગ્ન કરશે જેઓ આર્થિક રીતે નબળા છે અને એવા માતા-પિતા માટે સામૂહિક લગ્નો યોજો કે જેઓ કોઈપણ રીતે આ રીતે, તેમની પુત્રીઓ અને પુત્રોના લગ્ન કરાવવામાં નિષ્ફળ જાય છે. આ સમૂહ લગ્ન દરેક વખતે કરવામાં આવશે દેવ દિવાળીના પવિત્ર અવસર પર વર્ષ. સમન્વય માત્ર લગ્નનું વચન આપતું નથી જરૂરિયાતમંદ પરંતુ એ પણ સુનિશ્ચિત કરે છે કે ભવિષ્યના સંબંધો આવનારા વર્ષો સુધી જળવાઈ રહે જેથી તે યોગ્ય હોય અમારા માટે અર્થપૂર્ણ અને સફળ લગ્ન જીવન માટે મદદ અને સહાય પૂરી પાડી શકાય છે પુત્રીઓ અને પુત્રો. સમન્વય ના વિવાદોના સમાધાનની જવાબદારી લેશે યુગલે તેની દેખરેખ હેઠળ લગ્ન કર્યા. આ ઉમદા હેતુ સાથે, સમનવે સમુહલગ્ન પણ રાષ્ટ્રીય પ્રગતિમાં યોગદાન આપવા ઈચ્છે છે. કારણ કે આટલી મોટી સંખ્યામાં યુગલો એવા સમયે લગ્ન કરે છે જ્યારે ઓછા તાણ, પ્રયત્નો, સમયની બચત અને નિવારણ હોય છે ઉત્પાદન, વીજળી અને ખાધ અર્થવ્યવસ્થાના નુકસાનના, ત્યાં માત્ર સીધો લાભ જ નથી અને દંપતીના પરિવારો માટે બચત, પણ રાષ્ટ્રને નોંધપાત્ર આર્થિક લાભ.



સમન્વય

એકાત્મભવન

## એકાત્મભવન

આ પ્રોજેક્ટ હેઠળ સામનવે પ્રતિષ્ઠાનનું મિશન અસરગ્રસ્ત વિસ્તારોમાંથી મહિલાઓ, બાળકો અને પીડિતોને એકીકૃત અને શિક્ષિત કરવાનું છે અને તેમને જણાવવાનું છે કે તેઓ ભારતનો હિસ્સો છે અને રાષ્ટ્ર તેમની સંભાળ રાખે છે, લોકોમાંથી યોગ્ય ઉદાહરણ તૈયાર કરવા અને તેમને તકો આપવાનું છે. અને પર્યાવરણ જે તેઓ લાયક છે.
"એકાત્મભવન" (એક સંકલન ગૃહ) એ જ વિચારને હાંસલ કરવાનો પ્રયાસ કરે છે જ્યાં અમે નક્સલ પ્રભાવિત વિસ્તારોના લોકોને એકીકૃત કરવા અને વસવાટ કરવાની આશા રાખીએ છીએ, તેમને વડોદરા લાવવા અને તેમને નિવાસસ્થાન, શિક્ષણ અને જાગરૂકતા પ્રદાન કરીને તેમના અને તેમના માટે વધુ સારા ભવિષ્ય તરફ દોરી જાય છે. રાષ્ટ્ર એકીકરણનો વિચાર પ્રેક્ટિસ કરવા માટે તદ્દન તાત્કાલિક છે કારણ કે ઘણી વાર નક્સલ સમસ્યાઓના કિસ્સામાં તેઓ મનોવૈજ્ઞાનિક અને ભૌગોલિક રીતે ડિસ્કનેક્ટ થયાની લાગણી અનુભવે છે અને જાગૃતિને સમૃદ્ધ બનાવવા માટે શિક્ષણ એ શ્રેષ્ઠ માધ્યમ છે અને આવા પગલાં અસરગ્રસ્ત વિસ્તારો વચ્ચેના અંતરને ભરવાના સંદર્ભમાં સકારાત્મક સાબિત થશે. અને રાષ્ટ્ર, તેમજ એ હકીકત દર્શાવે છે કે ભારત દેશના દરેક નાગરિકની કાળજી રાખે છે અને આપણા બંધારણ પ્રમાણે દે
આ પહેલ હેઠળ, એક સંકલન ઘર બાંધવામાં આવશે જ્યાં આદરણીય લાભાર્થીઓ રહી શકે અને સમાંતર અભ્યાસ અને તણાવ વગર કામ કરી શકે. તેમના શિક્ષણને સ્પોન્સર કરવા અને તેમને ઓછામાં ઓછું નિર્વાહ સ્ટાઈપેન્ડ આપવાના પ્રયાસો કરવામાં આવશે.શના દરેક નાગરિકને માનવીય ગૌરવ સાથે જીવી શકાય તે સુનિશ્ચિત કરવા માટે કોઈપણ હદ સુધી જશે.